| Article Date | Headline / Summary | Publication |
| --- | --- | --- |
| 22 Jun 2026 | What does travel insurance cover during weather-related disruptions? | Prabhat (Gujarati) |

# હવામાન સંબંધિત અવરોધો દરમિયાન ટ્રાવેલ ઈન્શ્યોરન્સ શું કવર કરે છે

મુસાફરી હંમેશા ઉત્સુકતા અને આનંદ દર્શાવે છે, જેમ કે નવી જગ્યાઓ જોવાનો રોમાંચ, નવા લોકોને મળવાનો આનંદ અને અજાણી દુનિયાને નજીકથી જોવાની તક. તેમ છતાં આજની દુનિયામાં, તે ઉત્સુકતા ઘણીવાર અનિશ્ચિતતાના વધારાના ભાર સાથે આવે છે.

અચાનક આવેલા તોફાનો અને હીટવેવથી લઈને પૂર અને જંગલની આગ સુધી, આત્યંતિક હવામાનની ઘટનાઓ મુસાફરીની રીતો ઝડપથી બદલી રહી છે. આ અવરોધોથી ફક્ત પ્રવાસ કાર્યક્રમોને જ અસર થતી નથી; પણ તેનાથી પ્રવાસીઓ કેવી રીતે પ્લાન બનાવે છે, તૈયારી કરે છે અને તેમના રોકાણોને કેવી રીતે બચાવે છે તેના પર પણ અસર પડે છે. આવી સ્થિતિમાં ટ્રાવેલ ઈન્શ્યોરન્સ કામમાં આવે છે, જે કુદરતી અણધારી ઘટનાઓ સામે વ્યાવહારિક પ્રતિસાદ પ્રદાન કરે છે.

હવામાનમાં અવરોધો દરમિયાન કવરેજ:

- ટ્રિપ કેન્સલેશન: જો ગંભીર હવામાનને કારણે તમારી ટ્રિપ કેન્સલ કરવામાં આવે છે, તો ઈન્શ્યોરન્સ ફ્લાઈટ, હોટલ અથવા ટૂર જેવા બિન-રિફંડપાત્ર ખર્ચની ભરપાઈ કરે છે.
- ફ્લાઈટમાં વિલંબ: જ્યારે વિલંબ નિર્ધારિત સીમા (સામાન્ય રીતે ૩-૬ કલાક) થી વધુ હોય, ત્યારે પૉલિસી તમે પ્રતિક્ષા કરતા હોય ત્યારે ભોજન, હોટલમાં રોકાણ અથવા અન્ય આવશ્યક વસ્તુઓના ખર્ચને કવર કરે છે.
- મિસ્ડ કનેક્શન: જો ખરાબ હવામાનને કારણે તમે કનેક્ટિંગ ફ્લાઈટ ચૂકી જાઓ છો, તો ઈન્શ્યોરન્સ તમારા ગંતવ્ય સુધી પહોંચવા માટે જરૂરી અતિરિક્ત મુસાફરી અથવા લૉજિંગ ખર્ચ માટે ચુકવણી કરે છે. ઉદાહરણ તરીકે, બરફના તોફાનથી તમારી પ્રથમ ફ્લાઈટમાં વિલંબ થાય છે, જેનાથી તમને તમારી આગળની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ચૂકી જાવ છો, તો પૉલિસી રીબુકિંગ અને રાતભર આવાસના ખર્ચને કવર કરે છે.
- ટ્રિપ અધવચ્ચે છોડવી: જો ખરાબ હવામાનને કારણે તમારે તમારી ટ્રિપને ટૂંકી કરવી પડે, તો ઈન્શ્યોરન્સ કંપનીઓ હોટલ બુકિંગ અથવા ટૂર જેવા ઉપયોગ ન કરેલા અગાઉથી ચૂકવેલા ખર્ચની ભરપાઈ કરે છે.
- અતિરિક્ત આવાસ: ડાયવર્ઝન અથવા વિલંબને કારણે થતું રાત્રિ રોકાણ "ટ્રિપ અવરોધ" હેઠળ કવર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો તમારી ફ્લાઈટ તોફાનને કારણે અન્ય શહેરમાં ડાયવર્ટ કરવામાં આવે છે અને તમારે રાત્રિ રોકાણ કરવું પડે છે, તો જો તમે રસીદ અને એરલાઈન ડૉક્યુમેન્ટેશન સબમિટ કરો છો તો પૉલિસી હોટલના ખર્ચની ભરપાઈ કરે છે.



**રાકેશ કૌલ**
ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર - રિટેલ બિઝનેસ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ

- સામાનમાં વિલંબ સામે સુરક્ષા: જો તમારા સામાનમાં રૂટ બદલાવવાથી અથવા એરપોર્ટ બંધ થવાને કારણે વિલંબ થાય છે, તો આ તમારી બૅગ મળે નહીં ત્યાં સુધી કપડાં, શૌચાલય અને મૂળભૂત વસ્તુઓ જેવી આવશ્યક વસ્તુઓના ખર્ચને કવર કરે છે. ઉદાહરણ તરીકે, જો ભારે ધુમ્મસને કારણે તમારા સામાનમાં ૨૪ કલાકનો વિલંબ થાય છે, તો તમે જરૂરિયાતની વસ્તુઓ ખરીદી શકો છો અને વળતર મેળવી શકો છો.

આબોહવા પરિવર્તનથી તમારી ટ્રિપને કેવી રીતે સુરક્ષિત કરવી:

યોગ્ય કવરેજ પસંદ કરો: એક એવી ઈન્ટરનેશનલ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પૉલિસી પસંદ કરો જેમાં તોફાનો, પૂર, વાવાઝોડા જેવી હવામાન સંબંધિત ઘટનાઓ સામે સુરક્ષા શામેલ છે. ખાતરી કરો કે પૉલિસી આ ઘટનાઓના પરિણામે ટ્રિપ કેન્સલેશન, વિલંબ અને ઈમરજન્સી મેડિકલ ખર્ચને કવર કરે છે.

હવામાન અને મુસાફરી અંગેની સલાહ વિશે અપડેટ રહો: ગંભીર હવામાનને કારણે કુદરતી આપત્તિઓ અને સંભવિત ફ્લાઈટ કેન્સલેશન વિશે માહિતગાર રહેવા માટે નિયમિતપણે સ્થાનિક હવામાનના રિપોર્ટ, સરકારી મુસાફરી અંગેની સલાહ અને એરલાઈન ઍલર્ટ પર નજર રાખો. ધ્યાનમાં રાખો કે કોઈપણ એવી ઘટના જે ટ્રાવેલ પૉલિસી જારી કરતા પહેલાં જાહેરમાં જાણીતી છે જે ટ્રિપ અથવા ફ્લાઈટ કેન્સલેશન ક્લેઈમ માટે પાત્ર નથી.

ડૉક્યૂમેન્ટેશન આવશ્યક છે: તમારી બુકિંગ, ટિકિટ અને રસીદની કૉપી સાચવી રાખો, કારણ કે હવામાનની ઘટનાઓ દ્વારા થતા કેન્સલેશન અથવા વિલંબ માટેના ક્લેઈમની પ્રક્રિયા કરતી વખતે ઈન્શ્યોરન્સ કંપનીને આ ડૉક્યૂમેન્ટની જરૂર પડે છે. તમારા ફોન પર અથવા ક્લાઉડ સ્ટોરેજમાં ડિજિટલ કૉપી સ્ટોર કરવી ખાસ કરીને ઉપયોગી થઈ શકે છે.

તમારી ઈન્શ્યોરન્સ કંપની સાથે વાતચીત કરો: જો તમને હવામાન સંબંધિત વિક્ષેપનો અનુભવ થાય તો તરત જ તમારી ઈન્શ્યોરન્સ કંપનીને સૂચિત કરો. ત્વરિત સંદેશાવ્યવહાર કરવાથી ક્લેઈમની પ્રક્રિયા ઝડપી થઈ શકે છે અને જ્યારે જરૂર પડે ત્યારે તમને ઈમરજન્સી સહાય પ્રાપ્ત થાય તેની ખાતરી મળી શકે છે.

વિદેશમાં મુસાફરી કરવાનો પ્લાન બનાવતી વખતે ટ્રાવેલ ઈન્શ્યોરન્સ ખૂબ જરૂરી છે ખાસ કરીને એટલા માટે કે હાલમાં આબોહવા પરિવર્તનને લીધે હવામાન એકદમ અનિશ્ચિત થઈ ગયું છે. કોમ્પ્રિહેન્સિવ પૉલિસી તમને મોંઘા કેન્સલેશન, હેલ્થ ઈમરજન્સી અને અણધાર્યા વિલંબથી સુરક્ષિત કરી શકે છે, જે તમને આબોહવા સંબંધિત પડકારોનો સામનો કરવાનો આત્મવિશ્વાસ આપે છે.